Azadi Ka Amrit Mahotsav

જા.નં/મા-૨/૨૦૨૨/૨૦૭૯૮-૭૯

જિલ્લાશિક્ષણાધિકારી કચેરી,
એ-૩,જિલ્લા સેવાસદન-૨,
અઠવાલાઇન્સ,સુરત
તા.૧૯/૧૦/૨૦૨૨

પ્રતિ,

આચાર્યશ્રી,

સુરત જિલ્લાની તમામ માધ્યમિક અને ઉ.મા.શાળાઓ તરફ

જિલ્લો-સુરત

વિષય :- i-Follow Campaign 2022 અન્વયે ટ્રાફિક અવેરનેસ પ્રોગ્રામનું આયોજન કરવા બાબત

સંદર્ભ :-મેં,નાયબ પોલીસ કમિશનર ટ્રાફિક,સુરત શહેર પોલીસ મુખ્ય મથક,પહેલો માળ, અઠવાલાઇન્સ, સુરતનાં પત્ર ક્રમાંક/આર.બિ./ટ્રાફિક/૩૪૧૦/૨૦૨૨ તા.૧૯/૧૦/૨૦૨૨

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, સુરત શહેર ટ્રાફિક શાખા દ્વારા હાલમાં i-Follow Campaign 2022 ચાલુ છે, જે અંતર્ગત ટ્રાફિક પોલીસ દ્વારા જાહેર સ્થળો, સંસ્થાઓમાં, લોકોમાં ટ્રાફિકના નિયમો પ્રત્યે જાગૃતતા આવે તે હેતુથી ટ્રાફિક અવેરનેસના કાર્યક્રમો કરવામાં આવે છે. તે અંતર્ગત દિવાળી વેકેશન બાદ નવા સત્રથી શાળાઓમાં બાળકો ટ્રાફિકના નિયમો પ્રત્યે અવગત થાય તથા ટ્રાફિકના નિયમોના પાલન બાબતે જાગૃતિ લાવવાના હેતુથી શાળાઓમાં ટ્રાફિક કેડેટ્સની રચના કરવામાં આવે, જેમાં બે શિક્ષકો તથા ૨૫ બાળકોને રાખી શકાય જેઓ શાળા છૂટવાના સમયે ટ્રાફિક પોલીસ સાથે રહી ટ્રાફિક નિયમન કરે શાળાની પ્રાર્થના સભામાં ટ્રાફિક નિયમન અંગે તથા વાહન ચલાવવાની યોગ્ય ઢબ જેવી બાબતો વિષે દરરોજ બે થી પાંચ મિનિટ વાહન ચલાવવાની યોગ્ય રીત અને હોર્ન નો યોગ્ય ઉપયોગ જેવી બાબતોથી અવગત કરાવવા જેવી પ્રવૃત્તિઓ કરાવવા અનુરોધ કરવામાં આવે છે, તથા બીજા બાળકોને ટ્રાફિકના નિયમો પાળવા પ્રોત્સાહન આપે તેવું આયોજન કરવા તમામ આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત.જિલ્લો-સુરત

નકલ સવિનય રવાના :-

મેં,નાયબ પોલીસ કમિશનર ટ્રાફિક,સુરત શહેર પોલીસ મુખ્ય મથક,પહેલો માળ, અઠવાલાઇન્સ, સુરત